# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેકસ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in

**વિષયઃ– તમામ વિજ્ઞાન વિદ્યાશાખાની પ્રાયોગિક પરીક્ષાના ખર્ચની રકમ ચુકવવા અંગે.**

**પરીપત્ર ક્રમાંકઃ ૬૨ /૨૦૧૮**

આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓને કુલપતિશ્રીના તા.૨૨/૫/૨૦૧૮ ના આદેશાનુસાર જણાવવાનુ કે, વિજ્ઞાન વિદ્યાશાખાની તમામ કોલેજોને પરીક્ષાના પ્રાયોગિક પરીક્ષાના ખર્ચ પેટે પ્રાયોગિક પરીક્ષા ફીની આવકના ૮૦% પ્રમાણે પ્રાયોગિક પરીક્ષા ખર્ચ પેટે સંલગ્ન કોલેજોને ચુકવવામાં આવશે.

વધુમાં વિજ્ઞાન વિદ્યાશાખાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તમામ સેમેસ્ટર પ્રમાણે વિદ્યાર્થી સંખ્યાની યાદી તેમજ પરીક્ષા ફોર્મ સાથે ભરેલ પ્રાયોગિક ફીના ચલણની નકલ પરીક્ષા હિસાબ વિભાગમાં સત્વરે જમા કરાવવાની રહેશે. પરીક્ષા ફોર્મ તેમજ પ્રાયોગિક ફીના ચલણની ઝેરોક્ષ નકલ મોકલવામાં આવશે તેને જ પ્રાયોગિક ખર્ચની ૮૦% રકમ ચુકવવામાં આવશે. પ્રાયોગિક પરીક્ષાના અસલ બીલો યુનિવર્સિટીમાં રજુ કરવાના રહેશે નહીં, પરતું ચુકવણા કર્યા બાદ માત્ર ખર્ચનું પત્રક સમયસર મોકલવાનું રહેશે.

જે–તે પરીક્ષાના કેન્દ્ર ને ચૂકવેલ વિદ્યાર્થી દીઠ પ્રાયોગિક પરીક્ષા ખર્ચની રકમમાં પરીપત્ર ક્રમાંકઃ૨૩૮/૨૦૧૨ મુજબ તમામ પ્રકારના ખર્ચનો સમાવેશ થઈ જાય છે. વધુમાં બહારથી આવતા એક્ષટર્નલ પરીક્ષકોને ચૂકવાતા તમામ મહેનતાણાં (TA/DA) સહીતના ખર્ચનો પણ સમાવેશ થઈ જાય છે. આ સિવાય પ્રાયોગિક પરીક્ષા ખર્ચ પેટે કોઈપણ વધારાની રકમ ચુકવવામાં આવશે નહીં.

વધુમાં વિજ્ઞાન વિદ્યાશાખાની પ્રાયોગિક પરીક્ષા પરીપત્ર નં–૩૧૦/૨૦૧૧ તા.૧૮/૧૦/૨૦૧૧માં મહેનતાણાંના દરોમાં ફેરફાર કરવામાં આવેલ સદર પરીપત્રમાં દૈનિક ભથ્થાનો ઉલ્લેખ કરેલ તેના બદલે દૈનિક મહેનતાણાંનો સુધારો કરવામાં આવે છે,વધુમાં સદર પરીપત્રની સ્પષ્ટતા કરવામાં આવે છે કે પ્રાયોગિક પરીક્ષા દરમ્યાન જયારે વિદ્યાર્થી સંખ્યા ૨૦ અથવા તેનાથી ઓછી હશે તેવા કિસ્સામાં લઘુત્તમ દૈનિક મહેનતાણાં તરીકે રૂા.૨૦૦/– ચૂકવવામાં આવશે , પરંતું જયારે ૨૧ વિદ્યાર્થીઓ કરતાં વધુ સંખ્યા હોય તો તેવા કિસ્સા વધુમાં વધુ દૈનિક મહેનતાણાં પેટે રૂા.૪૦૦/–ચૂકવવામાં આવશે.ફીજીકસ/બોટની /ઝુલોજી/માઈક્રોબાયોલોજી/બાયોટેકનોલોજી/ ગણિતશાસ્ત્ર જેવા વિષયોમાં બેચની સંખ્યા ૨૦ કરતાં ઓછી હશે તેવા કિસ્સામાં દૈનિક મહેનતાણું રૂા.૨૦૦/– લેખે ચૂકવવામાં આવશે.

સદર પરીપત્રનો અમલ ઓકટો– ડિસે–૨૦૧૮ થી અમલ થશે તેની ખાસ નોંધ લેશો.

( મિતુલ દેલિયા )
કા.પરીક્ષા નિયામક

જાવક નં.પરીક્ષા/હિસાબ/ ૪૪૬ /૨૦૧૮
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ–૩૮૪૨૬૫
તારીખ : ૦૫/૦૬/૨૦૧૮

**નકલ સવિનય જાણ સારૂ રવાના:**

પ્રતિ,
૧. યુનિ.સંલગ્ન તમામ વિજ્ઞાન વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ
૨. કુલસચિવશ્રી / કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
૩. યુનિ .અનુસ્નાતક વિભાગના વડાશ્રી/સંયોજકશ્રી
૪.મુખ્ય હિસાબી અધિકારીશ્રી
૫. સિસ્ટમ એનાલિસ્ટશ્રી, રીઝલ્ટ, હે.ઉ ગુ. યુનિ. સેન્ટર તરફ તેમજ વેબ સાઈટ પર મુકવા માટે
૬. હેડકલાર્કશ્રી, રીઝલ્ટ સેન્ટર, હે.ઉ ગુ. યુનિ., પાટણ
૭. મદદનીશ કુલસચિવશ્રી/ કચેરી અધિક્ષકશ્રી –પરીક્ષા
૮. પરીક્ષા હિસાબની ફાઈલે